જયરત્ન ચાર રસ્તા પાસે વેપારીઓ અને પાલિકા કર્મચારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી

ન્યાયમંદિર-ખંડેરાવ માર્કેટમાં દબાણ હટાવવા ગયેલી ટીમ સાથે રકઝક: કાર્યવાહી સામે સવાલો ઉઠ્યા

શરાબી હોલ, ચોખંડી, નવાયાર્ડ જેવા વિસ્તારોમાં કાર્યવાહી ન થતી હોવાનો આક્ષેપ



(પ્રતિનિધિ) વડોદરા તા.28

વડોદરા શહેરમાં જાહેર માર્ગો અને ફૂટપાથો પરનાં દબાણો દૂર કરવા મ્યુનિસિપલ કોર્પોરેશનની દબાણ શાખા દ્વારા ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જોકે, આ કાર્યવાહી સામે વેપારીઓમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. તંત્ર ચોક્કસ વિસ્તારોમાં જ કાર્યવાહી કરતું હોવાનો આક્ષેપ વેપારીઓએ કર્યો છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમે ન્યાયમંદિર, ખંડેરાવ માર્કેટ અને આસપાસના વિસ્તારોમાં કાર્યવાહી કરીને રસ્તા પરનાં નડતરરૂપ દબાણો દૂર કર્યાં હતાં. આ દરમિયાન ત્રણ ટ્રક ભરીને માલસામાન જપ્ત કરવામાં આવ્યો હતો. જયરત્ન ચાર રસ્તા પાસે કાર્યવાહી દરમિયાન કર્મચારીઓ અને વેપારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી પણ થઈ હતી.

વેપારીઓના જણાવ્યા મુજબ, શરાબી હોલ, ચોખંડી, નવાયાર્ડ, તાઈવાડા અને મોગલવાડા સહિતના વિસ્તારોમાં પણ જાહેર માર્ગો પર દબાણો અને લારી-ગલ્લા હોવા છતાં પૂરતી કાર્યવાહી થતી નથી. તેમણે સમગ્ર શહેરમાં સમાન ધોરણે દબાણો દૂર કરવાની માગ કરી છે.

બીજી તરફ, શહેરના રસ્તાઓ પર લાંબા સમયથી પડેલાં બિનઉપયોગી અને ભંગાર વાહનો પણ ટ્રાફિકમાં અડચણરૂપ બની રહ્યાં છે. ખાસવાડી સ્મશાન, નાગરવાડા, સલાટવાડા, ગોરવા, તાંદળજા અને અજબડી મિલ સહિતના વિસ્તારોમાં આવા વાહનોના કારણે રસ્તા સાંકડા બન્યા છે અને વાહનચાલકોને મુશ્કેલી પડે છે. ભંગાર વાહનો દૂર કરવાની કામગીરી ધીમી હોવાની ફરિયાદો વચ્ચે નાગરિકોએ પોલીસ અને કોર્પોરેશન દ્વારા સંકલન સાથે કાર્યવાહી કરવાની માગ કરી છે. દબાણો અને નડતરરૂપ વાહનો સામે ભેદભાવ વિના કાર્યવાહી થાય તેવી માગ ઊઠી છે.

પ્રીસિઝન હેલ્થમાં વૈશ્વિક ઓળખ: નવરચના યુનિ.ની ફેકલ્ટીની તાઈવાનમાં આગવી છાપ



ડિસેમ્બર ૨૦૨૭માં વડોદરામાં યોજાશે આઈએસપીએચની વૈશ્વિક પરિષદ

(પ્રતિનિધિ) વડોદરા તા.28

નવરચના યુનિવર્સિટી (એનયુવી) ના ચાર પ્રોફેસરોને તાઈવાનના યિલાન ખાતે 21થી 23 ઓક્ટોબર દરમિયાન યોજાયેલી ઈન્ટરનેશનલ સોસાયટી ફોર પ્રીસિઝન હેલ્થ (આઈએસપીએચ) 2026ની આંતરરાષ્ટ્રીય પરિષદમાં આમંત્રિત વક્તા તરીકે સ્થાન મળ્યું હતું. 30થી વધુ દેશોના 131થી વધુ વક્તાઓએ ભાગ લીધો હતો.

પરિષદમાં પ્રોફેસર સંદીપ વસંત, ડૉ. જયદીપસિંહ રાઉલજી અને ડૉ. એલિઝાબેથ રોબિને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત હેલ્થકેર, મલ્ટિમોડલ ડેટા અને ઔષધીય છોડના બાયોએક્ટિવ ઘટકો અંગે સંશોધન રજૂ કર્યું હતું. પ્રતિનિધિમંડળે ચુંગ શાન મેડિકલ યુનિવર્સિટીના અધિકારીઓ સાથે સંયુક્ત સંશોધન, શૈક્ષણિક કાર્યક્રમો તથા વિદ્યાર્થી-ફેકલ્ટી આદાનપ્રદાન અંગે ચર્ચા કરી હતી.

પરિષદ દરમિયાન ડિસેમ્બર 2027ના બીજા સપ્તાહમાં વડોદરામાં આગામી આઈએસપીએચ આંતરરાષ્ટ્રીય પરિષદ યોજવાની જાહેરાત કરવામાં આવી હતી. તાઈવાને ભારતને પરિષદનો ધ્વજ સોંપ્યો હતો. આ આયોજનથી વડોદરામાં વૈશ્વિક સંશોધન, શૈક્ષણિક સહયોગ અને આંતરરાષ્ટ્રીય ભાગીદારીની નવી તકો ઊભી થવાની આશા છે.

આઈડીએફસી ફર્સ્ટ બૅંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બૅંક લિમિટેડ તરીકે જાણીતી)
IDFC FIRST Bank
CIN : L65110TN2014PLC097262
રજિસ્ટર્ડ ઑફિસ : કેપિટલ બિલ્ડિંગ, બ્લોક નં. ૧, ઓલ્ડ મહાબલિપુરમ રોડ, પેરુંગુડી, ચેન્નાઈ-૬૦૦૦૯૬.
ટેલિ. : ૦૪૪ ૪૫૬ ૨૨૨૨ ફેક્સ : ૦૪૪ ૪૫૬ ૨૨૦૯

પરિશિષ્ટ-૪ (નિયમ ૮(૬)) સ્થાવર મિલકતો (સ્થાવરી મિલકત માટે)

જેમ નીચે સહી કરનાર આઈડીએફસી ફર્સ્ટ બૅંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બૅંક લિમિટેડ તરીકે ઓળખાતી) અધિકૃત અધિકારીએ, સિક્યુરિટાઇઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૫૪ ઑફ ૨૦૦૨) હેઠળ અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ (૧) સાથે વંચાતા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાની રૂએ તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ નોટિસ આપીને, દેવાદાર, સહદેવાદારો અને જામીનદારોને તે નોટિસના તારીખથી ૬૦ દિવસની અંદર પાછળથી ચૂકવવાની રકમ ચૂકવવા જણાવેલ હતું.

દેવાદારો આ રકમ પરત ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટિસ આપવામાં આવે છે કે, નીચે વર્ણવેલ સ્થાવર મિલકત એટલે કે ફ્લેટ નં. ૨૦૨, ૨જો માળ, બ્લોક-૧૨ (૧૨૮૦ ચો ફૂટ બિલ્ટ અપ વિસ્તાર), ઇન્ડિયાબુલ્સ હોમક્રેસ્ટ (એનેક્સ્ચર-૨) તરીકે ઓળખાતી, ગામ: કોટંબી, તા. જિ. વડોદરા ખાતે આવેલ મિલકત તા.૨૮મી ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ આ સંબંધિતો પાસેથી નીચે મુજબની રકમ અને તેના ઉપરના ભવિષ્યના વ્યાજ અને ખર્ચાઓ માટે આધીન રહેશે.

સ્થાવર મિલકતોનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે સર્વેક્ષણ પાડુ થઇ ગામ મિલકત નં. ૧૦૭૫૨૬, ગ્રામપંચાયતની જપ્તીમાં, મિલકત નં. એરિયા ૨૯૬૭.૦૦ ચો.ફૂટ, બાંધકામવાળા, તાલુકો: દેસર, જી. વડોદરા, ગુજરાત—૩૯૧૨૪૦ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : પૂર્વ તરફ : રાહદારી રોડ, પશ્ચિમ તરફ : ખાલી , ઉત્તર તરફ : ગામતળ રોડ, દક્ષિણ તરફ : સોસાયટી ઓપન/[illegible] વગરની મિલકત નં.૫૨૬ આવેલ છે.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બૅંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિ.
અને આઈડીએફસી બૅંક લિમિટેડ તરીકે જાણીતી)

તારીખ : ૨૯/૧૦/૨૦૨૬
સ્થળ : વડોદરા, ગુજરાત
લોન ખાતા નં.: ૧૦૨૨૨૮૩૧૧૫૨૮

પશ્ચિમ રેલવે વડોદરા મંડળમાં રાષ્ટ્રવ્યાપી ડિજિટલ જીવન પ્રમાણપત્ર અભિયાન શરૂ

1 નવેમ્બરથી 30 નવેમ્બર સુધી ચાલશે DLC અભિયાન-5

પેન્શનરોને લાંબી લાઈનમાંથી છુટકારો, ઘરે બેઠા ફેસ ઓથેન્ટિકેશનથી પ્રમાણપત્ર જમા કરાવી શકાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

ભારત સરકારના પેન્શન અને પેન્શનભોગી કલ્યાણ વિભાગ તથા રેલવે બોર્ડની ગાઈડલાઈન મુજબ પશ્ચિમ રેલવેના વડોદરા મંડળમાં 1 નવેમ્બરથી 30 નવેમ્બર 2026 સુધી રાષ્ટ્રવ્યાપી ડિજિટલ જીવન પ્રમાણપત્ર અભિયાન-5નું આયોજન કરવામાં આવ્યું છે.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારીના જણાવ્યા મુજબ, પેન્શનરો અને ફેમિલી પેન્શનરો સરળતાથી જીવન પ્રમાણપત્ર જમા કરાવી શકે તે માટે વડોદરા મંડળ હેઠળ પ્રતાપનગર સહિત 16 સ્થળોએ ખાસ શિબિરો યોજાશે. આ પ્રક્રિયાને ડિજિટલ અને સુવિધાજનક બનાવવામાં આવી છે, જેથી પેન્શનરોએ પેન્શન કચેરી કે બેંકમાં લાંબી લાઈનમાં ઊભા રહેવું ન પડે.

રેલવે પેન્શનરો એન્ડ્રોઇડ અથવા iOS ડિવાઇસ પર ફેસ ઓથેન્ટિકેશન ટેકનિકથી ગમે ત્યાંથી અને ગમે ત્યારે ડિજિટલ જીવન પ્રમાણપત્ર જનરેટ કરી શકશે. આ સુવિધાથી વરિષ્ઠ નાગરિકોને ખાસ રાહત મળશે અને સમયની બચત પણ થશે.

તમામ રેલવે પેન્શનરો અને ફેમિલી પેન્શનરોને છેલ્લી તારીખની રાહ જોયા વિના નજીકના ડીએલસી કેમ્પનો લાભ લઈ સમયસર પ્રમાણપત્ર જમા કરાવવા અપીલ કરવામાં આવી છે. આ અંગેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીજર અને વધુ વિગતો સત્તાવાર વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

એકતાનગર-પાર્વતીપુરમ વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

મુસાફરોની વધતી માંગને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા એકતાનગરથી પાર્વતીપુરમ વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવાયો છે.

ટ્રેન નં. 08520 એકતાનગર-પાર્વતીપુરમ સ્પેશિયલ 1 નવેમ્બરે રાત્રે 11:30 વાગ્યે એકતાનગરથી ઉપડી 3 નવેમ્બરે સાંજે 5 વાગ્યે પાર્વતીપુરમ પહોંચશે. જ્યારે પરત ટ્રેન નં. 08519 પાર્વતીપુરમ-એકતાનગર સ્પેશિયલ 28 ઓક્ટોબરે બપોરે 3 વાગ્યે ઉપડી 30 ઓક્ટોબરે સવારે 10 વાગ્યે એકતાનગર પહોંચશે.

બંને દિશામાં વસઈ રોડ, કલ્યાણ, પુણે, સોલાપુર, સિકંદરાબાદ, વિજયવાડા, રાજમંદ્રી સહિતના સ્ટેશનો પર સ્ટોપેજ રહેશે. ટ્રેનમાં ફર્સ્ટ એસી, એસી થ્રી-ટિયર, એસી થ્રી-ટિયર ઇકોનોમી અને સામાન્ય શ્રેણીના કોચ રહેશે. ટ્રેન નં. 08520નું બુકિંગ તમામ પીઆરએસ કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર શરૂ થઈ ગયું છે.

કાનૂની પાસાંઓ અંગે નિષ્ણાતોએ આપ્યું માર્ગદર્શન

વિદેશમાં વસતા ભારતીય સાથે લગ્ન અંગે સિગ્મા યુનિ.માં જાગૃતિ પરિસંવાદ યોજાયો

250 વિદ્યાર્થીનીઓએ લીધો ભાગ, NRI સાથે લગ્ન કરતાં પહેલાં રાખવાની સાવચેતી



(પ્રતિનિધિ) વડોદરા,તા.28

ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન, ગાંધીનગર અને બિન-નિવાસી ગુજરાતી સેન્ટર, વડોદરાના સંયુક્ત ઉપક્રમે તથા સિગ્મા યુનિવર્સિટીના સહયોગથી વિદેશમાં વસતા ભારતીય સાથે લગ્ન અંગે જાગૃતિ પરિસંવાદ યોજાયો હતો. સિગ્મા યુનિવર્સિટી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં આશરે 250 વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાનના મામલતદાર ચૈતન્ય સંઘાણી અને વક્તા તરીકે ગુજરાત હાઈકોર્ટના ફેમિલી લોયર એડવોકેટ કોમલ કુકરેજા ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ હિમાંશુ પટેલ, માનદ મંત્રી અમિત શાહ, બિન-નિવાસી ગુજરાતી સેન્ટરના ચેરમેન દિનેશ પટેલ તથા સિગ્મા યુનિવર્સિટીના મેનેજિંગ ડિરેક્ટર ડો. જીગર પટેલ અને પ્રોવોસ્ટ વાઇસ ચાન્સેલર ડો. પ્રિયેશ ગાંધી હાજર રહ્યા હતા. ચૈતન્ય સંઘાણીએ વિદેશમાં વસતા ભારતીય સાથે લગ્ન કરતાં પહેલાં જીવનસાથીની વિગતો, વૈવાહિક સ્થિતિ અને દસ્તાવેજોની ખરાઈ કરવાની જરૂરિયાત સમજાવી હતી. તેમણે સંભવિત છેતરપિંડીથી બચવા માટે રાખવાની સાવચેતી તથા બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાનની કામગીરી અંગે પણ માહિતી આપી હતી. એડવોકેટ કોમલ કુકરેજાએ વિદેશમાં લગ્ન સંબંધિત કાનૂની જોગવાઈઓ, લગ્નની નોંધણી, દસ્તાવેજોની ચકાસણી અને મહિલાઓના કાનૂની અધિકારો અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે લગ્ન અંગે નિર્ણય લેતાં પહેલાં પૂરતી માહિતી મેળવવા અને જરૂર પડે ત્યારે કાનૂની નિષ્ણાતની સલાહ લેવા ભાર મૂક્યો હતો.

ઈન્ડો-યુકે લીડરશિપ કોન્ક્લેવ ૨૦૨૬માં AME શિક્ષણમાં ઉત્કૃષ્ટ યોગદાન

NDC ઈન્સ્ટિટ્યૂટ ઓફ એરક્રાફ્ટ મેન્ટેનન્સ એન્જિનિયરિંગને UK લોર્ડ્સ ખાતે સન્માન

ટ્રસ્ટી કશ્યપ ચોકસી અને ચીફ ઇન્સ્ટ્રક્ટર ચેતન નાયકે સન્માન સ્વીકાર્યું



(પ્રતિનિધિ) વડોદરા, તા.28

વડોદરાની એનડીસી ઈન્સ્ટિટ્યૂટ ઓફ એરક્રાફ્ટ મેન્ટેનન્સ એન્જિનિયરિંગને એરક્રાફ્ટ મેન્ટેનન્સ એન્જિનિયરિંગ (એએમઈ) શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન બદલ લંડનના ઐતિહાસિક યુકે હાઉસ ઓફ લોર્ડ્સ ખાતે યોજાયેલા ઈન્ડો-યુકે લીડરશિપ કોન્ક્લેવ 2026માં પ્રતિષ્ઠિત સન્માન એનાયત કરવામાં આવ્યું છે.

સંસ્થા વતી ટ્રસ્ટી કશ્યપ ચોકસી અને ચીફ ઇન્સ્ટ્રક્ટર ચેતન નાયકે એવોર્ડ સ્વીકાર્યો હતો. આ સન્માન લોર્ડ બ્રેનન કેસી, સાંસદ ગગન મોહિન્દ્રા, લોર્ડ રામી રેન્જર અને સુનીલ ચોપરા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં એનાયત કરવામાં આવ્યું હતું. આ આંતરરાષ્ટ્રીય સન્માન એવિએશન ક્ષેત્ર માટે ગુણવત્તાયુક્ત તાલીમ અને કુશળ માનવબળ તૈયાર કરવાની સંસ્થાની કામગીરીને બિરદાવે છે.

વૈશ્વિક ઉડ્ડયન ઉદ્યોગના વિસ્તરણ સાથે આગામી વર્ષોમાં એરક્રાફ્ટ મેન્ટેનન્સ ટેકનિશિયનોની માંગ વધવાની શક્યતા છે. ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્થાનિક ઉડ્ડયન બજાર છે. ભારતીય એરલાઈન્સ દ્વારા મોટી સંખ્યામાં નવા વિમાનોના ઓર્ડર આપવામાં આવ્યા છે. આ ઉપરાંત, ભારત સરકાર દેશને વૈશ્વિક મેન્ટેનન્સ, રિપેર અને ઓવરહોલ (એમઆરઓ) હબ તરીકે વિકસાવવા પ્રયાસ કરી રહી છે, જે એએમઈ તાલીમ મેળવનારા યુવાનો માટે રોજગારની નવી તકો ઊભી કરી શકે છે.

વડોદરામાં ૩૦ ઓક્ટોબરે રોજગાર અને એપ્રેન્ટિસ ભરતીમેળો યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.28

યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર (યુઈબી), વડોદરા દ્વારા આગામી તા. ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે રોજગાર અને એપ્રેન્ટિસ ભરતીમેળા તથા કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળો યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, સી બ્લોક, ચમેલી બાગ, કમાટી બાગની સામે, યુનિવર્સિટી અતિથિગૃહની બાજુમાં, વડોદરા ખાતે યોજાશે.

આ ભરતીમેળામાં યાંત્રિક ઇજનેરી, વિદ્યુત ઇજનેરી, ઇન્સ્ટ્રુમેન્ટેશન અને કંટ્રોલ, ઇલેક્ટ્રોનિક્સ અને કમ્યુનિકેશન, વાણિજ્યમાં અનુસ્નાતક (એમ.કોમ.) તથા વ્યવસાય વહીવટમાં અનુસ્નાતક (એમ.બી.એ.) જેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા ૩૫ વર્ષ સુધીની વયના મહિલા અને પુરુષ ઉમેદવારો ભાગ લઈ શકશે. અનુભવી તેમજ બિનઅનુભવી ઉમેદવારો ૩૦થી વધુ જગ્યાઓ માટે મુલાકાત દ્વારા પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

જંબુસરમાં ૧૧ વર્ષની બાળકી પર દુષ્કર્મ, આરોપી ઝડપાયો

બાળકીને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો આક્ષેપ, કાવી પોલીસે પોક્સો હેઠળ ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 28

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં 11 વર્ષ અને 10 મહિનાની બાળકી પર દુષ્કર્મની ગંભીર ઘટના સામે આવતાં ચકચાર મચી છે. આ મામલે કાવી પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, જંબુસર તાલુકાના એક ગામમાં રહેતી બાળકી સાથે 16 ઓક્ટોબરથી 27 ઓક્ટોબર દરમિયાન ટુંડજ ગામના સંજયભાઈ જેસંગભાઈ ઠાકોરે દુષ્કર્મ આચર્યું હોવાનો આક્ષેપ છે. આરોપીએ બાળકી સાથે બળજબરી કરી હોવાની ફરિયાદમાં વિગતો આપવામાં આવી છે. આ ઉપરાંત, બાળકી આ ઘટના અંગે કોઈને જાણ કરશે તો તેને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. ઘટનાની જાણ થતાં બાળકીના વાલીવારસોએ કાવી પોલીસનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે આરોપી વિરુદ્ધ પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી છે. હાલ પોલીસ દ્વારા સમગ્ર ઘટનાની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ફાઇન આર્ટ્સ ફેકલ્ટીમાં બે દિવસીય ચિત્ર પ્રદર્શન 'એક્સપ્રેશન' યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.28

વડોદરાની પ્રિન્સ અશોકરાજે ગાયકવાડ સ્કૂલ, દેવ્યાની રાજે ગાયકવાડ સ્કૂલ અને શ્રીજી આર્ટ ઈન્સ્ટિટ્યૂટના સંયુક્ત ઉપક્રમે ચિત્રકલા પ્રદર્શન 'એક્સપ્રેશન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન 29 અને 30 ઓક્ટોબરના રોજ એમ.એસ. યુનિવર્સિટીની ફાઇન આર્ટ્સ ફેકલ્ટી ખાતે યોજાશે. બંને દિવસ સવારે 11થી સાંજે 7 વાગ્યા સુધી પ્રદર્શન નિહાળવા જાહેર જનતાને પ્રવેશ મળશે. પ્રદર્શનનું ઉદ્ઘાટન 29 ઓક્ટોબરે સવારે 11 વાગ્યે થશે. અગાઉ યોજાયેલી ચિત્ર સ્પર્ધામાં નર્સરીથી ધોરણ 12 સુધીના આશરે 1,800 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાંથી પસંદ કરાયેલાં 400 શ્રેષ્ઠ ચિત્રો પ્રદર્શિત કરાશે. ઉદ્ઘાટન સમારોહમાં કેમ્પસ ડાયરેક્ટર પી. વરદરાજન, ફાઇન આર્ટ્સ ફેકલ્ટીના પૂર્વ ડીન દ્વારકાનાથ ભોંસલે તથા ડો. તુષાર ભોંસલે ઉપસ્થિત રહેશે. આ પ્રકારનું આ છઠ્ઠું ચિત્ર પ્રદર્શન છે.

દિવ્યાંગજનો માટે ૩૦મીએ સાધન સહાયનો એસેસમેન્ટ કેમ્પ યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.28

વડોદરામાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકાર તથા એલિમ્કો, કાનપુરના સંયુક્ત ઉપક્રમે તા. 30 ઓક્ટોબરના રોજ સવારે 10 વાગ્યે પેન્શનપુરા સ્થિત દીપક ફાઉન્ડેશન, સમાજ સુરક્ષા સંકુલ ખાતે દિવ્યાંગજનો માટે એસેસમેન્ટ કેમ્પ યોજાશે. 60 ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા લોકોને મોટરાઇઝ્ડ ટ્રાઇસિકલ અને જોયસ્ટિક વ્હીલચેર સહિતનાં સાધનો માટે, જ્યારે 40 ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા લોકોને કૃત્રિમ અંગો અને કેલિપર્સ માટે મૂલ્યાંકન કરવામાં આવશે. લાભાર્થીઓએ બે પાસપોર્ટ સાઇઝ ફોટા, UDID કાર્ડ અથવા દિવ્યાંગતા પ્રમાણપત્ર, આધારકાર્ડ, રહેઠાણનો પુરાવો અને આવકના પુરાવા સાથે હાજર રહેવું. માસિક આવક રૂ. 30,000થી વધુ ન હોવી જોઈએ.

Dakshin Gujarat Vij Company Limited
CIN: U40109GJ2003SGC043618
Regd. & Corp. Office : 'Urja Sadan',
N. V. Road, Kapodara Char Rasta, Surat 395 006 GUJARAT
DGVCL Toll Free No. 19122 (or 1800 233 3003)

Tender Notice

Tenders are invited for 'Construction of new office building for Haldarva Sub Division Office under Bharuch City Division of Bharuch Circle.' Tender is put up on https://tender.nprocure.com (For view, download and online submission) and www.dgvcl.com (For view & download only).

Sr. No.	Tender No.	Estimated Cost
1	DGVCL/Civil/ Haldarva / Sdn /2025/333	Rs: 3,19,56,474.19 (Including GST)

Note: Bidders may visit the above website/s for regular updates till opening of the tenders. ACE (P), DGVCL, Surat.

વડોદરા મહાનગરપાલિકા
આકારણી શાખા
www.vmc.gov.in
" મિલકત વેરાબીલ ભરવાની મુદતમાં વધારો કરવા બાબત "

વડોદરા મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ તમામ રહેણાંક, બીન રહેણાંક (ઔદ્યોગિક વેરાની રકમની) મિલકતોનાં ચાલુ વર્ષ-૨૦૨૬-૨૭નાં મિલકત વેરા બીલો ભરવાની મુદતમાં વધારો કરવામાં આવે છે. જે મુજબ નવીન મિલકત વેરા બીલ ભરવાની છેલ્લી તારીખ નીચે પ્રમાણે રહેશે..

અનુ. નં.	ઝોનનું નામ	વોર્ડનંબર:	બીલ ભરવાની છેલ્લી તારીખ	મુદત વધારો ભરવાની છેલ્લી તારીખ
૧.	પશ્ચિમ ઝોન	૪,૬,૧૦, ૧૧ અને ૧૨	તા.૨૮-૧૦-૨૦૨૬	તા.૨૭-૧૧-૨૦૨૬
૨.	ઉત્તર ઝોન	૧,૨,૩,૭ અને ૧૩	તા.૦૪-૧૧-૨૦૨૬	તા.૦૪-૧૨-૨૦૨૬
૩.	પૂર્વ ઝોન	૪,૫,૯,૧૪ અને ૧૫	તા.૦૬-૧૧-૨૦૨૬	તા.૦૬-૧૨-૨૦૨૬
૪.	દક્ષિણ ઝોન	૧૬,૧૭,૧૮ અને ૧૯	તા.૧૨-૧૧-૨૦૨૬	તા.૧૪-૧૨-૨૦૨૬
૫.	કેન્દ્ર અને રાજ્ય સરકાર શ્રી હસ્તકની મિલકતો/(ઔદ્યોગિક સેક્ટરો સહિત)		તા.૧૨-૧૧-૨૦૨૬	તા.૧૪-૧૨-૨૦૨૬
૬.	વોટર ચાર્જ બીલ્સ		તા.૧૨-૧૧-૨૦૨૬	તા.૧૪-૧૨-૨૦૨૬

મિલકત વેરાનીલ ભરવાની છેલ્લી તારીખ સુધી વેરાની રકમ સ્વીકારવા ની સમય ટોક વોર્ડ ઓફીસમાં સવારના ૯.૩૦ કલાક થી બપોરના ૪.૦૦ કલાક સુધી નો રહેશે. મિલકત વેરાના બીલ ભરવાની મુદતમાં વધારો કરેલ હોય નવીન છેલ્લી તારીખ સુધીમાં વેરા બીલ ભરપાઈ કરવા તમામ કરદાતાઓને વિનંતી છે.

તમામ કરદાતાઓને જણાવવામાં આવે છે કે ઉકત જાહેરાત સબંધિત વધુ વિગતો/જાણકારી/ખરાઈ મેળવવા, વેરા બીલ બાબતે વધુ વિગતો/ખરાઈ મેળવવા ટોલ ફ્રી હેલ્પ લાઈનોનો હેલ્પ લાઈન વર્ષ ૨૦૨૬-૨૭નાં મિલકત વેરા બીલો મળેલ ન હોય તો તે માટે સંબંધિત વોર્ડ ની ઓફીસનો સંપર્ક કરવા અથવા વડોદરા મહાનગર પાલિકાની વેબસાઇટ https://vmc.gov.in પર પણ કરદાતાનો મોબાઇલ નંબર સેન્સસ નંબર સાથે લિંક (રજીસ્ટર્ડ)કર્યા બાદ સને ૨૦૨૬-૨૭નું મિલકત વેરા બિલ ડાઉનલોડ કરી શકાશે. જે ખરાવવામાં આવે છે.

પી.આર.ઓ.નં: પમ૮/૨૦૨૬-૨૭ ટે.મ્યુનિસિપલ કમિશનર(વ)

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
રેવન્યુ નોટીસ

વડોદરા મહાનગરપાલિકાના હોદ્દા રૂએ મિલકત વેરા બીલ ટેક્સ બીલ્સ ડિમાન્ડ નોટીસ તથા કરબોજા/આકારણ ની સંબંધમા નોટીસો આપવામાં આવેલી છે. જે નોટીસો નીચે મુજબ મિલકતોના વેરાની રકમ વસુલ કરવા બાકી છે.

ક્ર.નં.	જી.આર.સી. નંબર	મિલકતનું નામ	કામની સંખ્યા	અંદાજિત રકમ
૧	પમ૨/૧૨ ૨૩	ઇલેક્ટ્રીક પ્રોજેક્ટ	૦૧	૩,૦૦,૦૦૦/-
૨	પમ૨/૧૨ ૨૩	ટી.વી.સિ.પ્રુફીંગ	૦૩	૬,૦૭,૦૦૦/-
૩	પમ૫/૧૨ ૨૩	વરિયાણાવ કામ	૧૬	૩,૫૦,૦૦૦/-
૪	પમ૨/૧૨-૨૩	પબ્લિક ટોલ	૦૧	૪,૭૬,૦૦૦/-
૫	પમ૩/૧૨-૨૩	પાણી પુરવઠા કામ	૦૫	૬,૧૦,૦૦,૦૦૦/-
૬	૦૬૮/૨૩-૨૩	સબમરીબલ પમ્પ સેટ	૦૧	૧,૩૫,૦૬,૮૧૫/-
૭	૦૫૦/૨૩-૨૩	ઇલા.વી. ઇકવાઇપમેન્ટ	૦૯	૬૮,૧૨૦/-
૮	પમ૧/૨૩-૨૩	ડ્રેનેજ- ૫.૨. પ્રોજેક્ટ	૦૧	૧૦,૦૦,૦૦૦/-
૯	પમ૨/૨૩-૨૩	સ્ટ્રીટલાઇટ મિસલ	૦૧	૧૨,૦૧,૧૪,૦૦૦/-
૧૦	પમ૬/૨૩-૨૩	સ્ટ્રીટલાઇટ મિસલ	૦૧	૩,૦૮,૦૦૦/-
૧૧	પમ૧/૨૩-૨૩	પાણી પુરવઠા પ્રોજેક્ટ	૦૩	૧,૫૦,૦૩,૧૦૩.૨૩/-
૧૨	પમ૫/૨૩-૨૩	પબ્લિક ટોલ	૦૪	૬,૩૯,૦૬૦/-
૧૩	પમ૮/૨૩-૨૩	પાર્કિંગ એન્ડ માર્કિંગ	૦૧	૩,૪૬,૬૮૦/-

નોંધ: ક્ર.નં.૧,૩,૮,૯ ભાગે ૧૧ થી જાહેરાત ૪-રેવન્યુમિનો છે.

ઉપરોક્ત કામના રેટસ લેવા સંબંધિત વિભાગની ઉપરોક્ત ઓફિસ સંપર્ક કરી લેવો. કોઇપણ બાબતે વધુ/ચોક્કસ ખરાઇ જરૂરિયાત જણાય તો સંબંધિત ડીવીઝન ઓફીસની મુલાકાત લેવી

પી.આર.ઓ.નં.પમ૩/૨૦૨૬ ૨૩ ગજાનંદ વિભાગ દ્વારા પ્રસારિત

ડિમાન્ડ નોટિસ
એડેલવાઇસ એસેટ રીકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

સેક્યુરાઇટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફા